જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૬/૨૦૧૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૪/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૯૭ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૩ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૪૮ બિયર ટીન કબજે કરી હતી.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૫/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.**

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૬/૧૬**

**ઈસનપુરઃ** નવલીનકૌર વિરસિંગ જાટ (ઉ.વ.૧૬)(રહે.શ્રી રંગ આશિષ સોસાયટી ચંડોળા કાંસ ઉપર ઈસનપુર) ને તા.૨૮/૬/૧૬ કલાક ૨/૪૬ વાગ્યાના સુમારે ઘર નજીકથી મીત મિસ્ત્રી (જેના પુરા નામ સરનામાની ખબર નથી) સફેદ રંગની આઈ-૧૦ ગાડી નંબર જીજે ૨૭ એએચ ૫૫૪૦ માં બેસાડી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નવલીનકૌરની માતા સુખવિન્દ્રકૌર જાટે ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ એન પંડ્યા ચલાવે છે.

**વટવાઃ** મુસ્કાનબાનુ મકબુલહુસેન શેખ (ઉ.વ.૧૫)(રહે.દરબારનગર નવાપુરા મોટી દરગાહની પાછળ વટવા) ને તા.૨૮/૬/૧૬ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી સલમાન (જેના પુરા નામ સરનામાની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મુસ્કાનબાનુના પિતા મકબુલહુસેન શેખે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એચ સરવૈયા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** મુળજીભાઈ કુલજીભાઈ ચૌધરી (રહે.મેહમદપુર તાલુકો વદગામ જીલ્લો બનાસકાંઠા) એ તા.૨૮/૬/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૬/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે સિધ્ધી વિનાયક સોસાયટી વંદે માતરમ નજીકથી પોતાના પુત્ર હાર્દીકને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી કે અસોડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૭/૧૬**

**કાગડાપીઠઃ** સુરત શહેર ખાતે રહેતી ૩૪ વર્ષની મહીલાએ તા.૨૮/૬/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૪/૧૬ થી તા.૭-૮/૫/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભાર્ગવ ચેતનકુમાર ત્રીવેદી (રહે. આકા શેઠ કુવાની પોળ રાયપુર) એ લગ્ન કરવાની લાલચ આપી બીગ બજાર સામે મીરેકલ હોટલ ખાતે લઈ જઈ તેમજ જુદી-જુદી હોટલમાં લઈ જઈ મહીલાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ એમ દેસાઈ ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૧૯૮/૧૬**

**ક્રાઈમ બ્રાન્ચઃ** ધર્મેન્દ્ર ગણેશભાઈ પટેલ (ઉ.વ.૩૧) (રહે.જલગાવ રામ મોહન ચાંગડીયા પેઠા મહારાષ્ટ્ર) એ તા.૨૮/૬/૧૬ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ધર્મેન્દ્ર પટેલ તા.૧૫/૬/૧૬ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે મહારાષ્ટ્ર ધુલીયા સાક્રી પહેલા ચેક ડેમ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ધર્મેન્દ્ર પટેલને અજાણ્યા પાંચ પુરૂષોએ પોલીસની ઓળખ આપી રોકડ રૂપિયા ૨૧,૧૨,૦૦૦/- અને જરૂરી કાગળો લુંટી લઈ નાસી ગયા હતા. આ ગુનો મહારાષ્ટ્રની હદમાં બનેલ હોઈ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ૦૦ નંબરથી નોધી મહારાષ્ટ્ર તરફ કરેલ છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૯/૧૬**

**સેટેલાઇટઃ મહેન્દ્રભાઇ પરષોત્તમભાઇ ઢગર (રહે.માલવી એપાર્ટમેન્ટ, સ્વીટહોમ સોસાયટી સામે, આંબાવાડી) એ તા.૨૮/૬/૧૬ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૬/૧૬ ના કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે ભુદરપુરા ચાર રસ્તાથા જૈન વીશા ઓરવાલ હોલ તરફ હાઇટેન્શન પાવર લાઇન નીચેથી મહેન્દ્રભાઇ ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ “કાકા જોઇને ચાલો એક્સીડન્ટ થશે” તેમ કહી મહેન્દ્રભાઇની નજર ચુકવી સોનાની વિંટી તથા માણેકનાં નંગવાળી વિંટી મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.**

**મહીલા અને પુરૂષ શિશુગ્રુહ ખાતે બાળકીને ત્યજી નાસી ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૦/૧૬**

**પાલડીઃ** પાલડી શિશુગ્રુહ ખાતે તા.૨૭/૬/૧૬ નારોજ એક પુરૂષ અને મહીલા દસેક માસની બાળકીને શિશુગ્રુહમાં મુકવા આવેલ ત્યારે સંસ્થાના હાજર કાર્યકર્તાએ કાયદેસરની કાર્યવાહી સારૂ જરૂરી કાગળો લાવવાની વાત કરી હતી. ત્યારબાદ કાર્યકર્તાની નજર ચુકવી મહીલા અને પુરૂષ બાળકીને સોફા ઉપર મુકી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ રીતેશ મહેશકુમાર દવે (રહે.નંદિશ્વર ટેનામેન્ટ સોમેશ્વર પાર્ક થલતેજ) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી દિનેશભાઈ વાલજીભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)